### ડ્રેનેજ, વરસાદી ગટર અને પાણીની લાઈનના કામોને હવે સ્થાયી સમિતિમાં બહાલી માટે રજૂઆત

# વડોદરા પાલિકાના ઈમરજન્સી કામોમાં ખર્ચ વધારાનો વિવાદ, ૧૦થી ૩૦% ઊંચા ભાવ ચૂકવાયાનો આક્ષેપ

**વોર્ડ ૧૧** અને ગાજરાવાડીના કામોમાં એજન્સીઓ પર મહેરબાની

**લાખોના** વધારાના ખર્ચને મંજૂર કરાવવા તંત્રના ધમપછાડા

(પ્રતિનિધિ) વડોદરા તા.5

વડોદરા મહાનગરપાલિકા દ્વારા શહેરના વિવિધ વિસ્તારોમાં નાગરિકોની સુવિધા અને તાકીદની જરૂરિયાતોને ધ્યાનમાં રાખીને હાથ ધરાયેલા ઈમરજન્સી કામોના ખર્ચને લઈને નવો વિવાદ સામે આવ્યો છે. ધી ગુજરાત પ્રોવિન્શિયલ મ્યુનિસિપલ કોર્પોરેશન એક્ટની કલમ ૬૭(૩)(સી) હેઠળ ઈમરજન્સી ધોરણે મંજૂર કરવામાં આવેલા ડ્રેનેજ, વરસાદી ગટર અને પાણીની લાઈન સહિતના કામોમાં અંદાજિત ખર્ચ કરતાં ૧૦ થી ૩૦ ટકા જેટલા વધુ ઊંચા ભાવ ચૂકવવામાં આવ્યા હોવાના આક્ષેપો સાથે પ્રશ્નો ઊભા થયા છે. આ ઈમરજન્સી કામગીરીઓ પૂર્ણ થયા બાદ થયેલા આ વધારાના ખર્ચને સત્તાવાર રીતે બહાલી આપવા માટે મ્યુનિસિપલ કમિશનર દ્વારા આગામી સ્થાયી સમિતિની બેઠકમાં વિવિધ દરખાસ્તો મંજૂરી અર્થે રજૂ કરવામાં આવી છે.

મળતી માહિતી મુજબ, વડોદરા કોર્પોરેશનના વોર્ડ નંબર ૧૧ માં આવેલા પરિચય પાર્કથી નર્મદા નગર થઈને



દિવાળીપુરા ગામ સુધીના વિસ્તારમાં ચોમાસા દરમિયાન થતા વરસાદી પાણીના ભરાવાની સમસ્યા નિવારવા નવી વરસાદી ગટર લાઈન નાખવાની કામગીરી હાથ ધરવામાં આવી હતી. આ કામગીરી નેહલ કન્સ્ટ્રક્શનને સોંપવામાં આવી હતી, જેની પાછળ રૂ. ૨૯ લાખનો ખર્ચ થયો હતો. આ કામગીરીમાં નિર્ધારિત એસઓઆર દર કરતાં ૧૫ ટકા વધુ ભાવ ચૂકવવામાં આવ્યો હોવાનું વિગતોમાં બહાર આવ્યું છે.

આ ઉપરાંત, તે જ વોર્ડના હરિઓમનગર વિસ્તારમાં ડ્રેનેજ લાઈનમાં અચાનક ભંગાણ સર્જાતાં સિન્કિંગ ચેમ્બર બનાવવાની ઈમરજન્સી કામગીરી રીધમ કન્સ્ટ્રક્શન દ્વારા હાથ ધરવામાં આવી હતી. રૂ. ૪૭.૮૭ લાખના ખર્ચે પૂર્ણ થયેલી આ કામગીરીનો ખર્ચ અંદાજિત રકમ કરતાં અધધ ૩૦ ટકા જેટલો વધુ નોંધાયો છે. તે જ રીતે ગાજરાવાડી ખાતે આકાર લઈ રહેલા નવા સીવેજ ટ્રીટમેન્ટ પ્લાન્ટ પ્રોજેક્ટની હદમાંથી પસાર થતી પાણીની લાઈન શિફ્ટ કરવાની ઈમરજન્સી કામગીરી ભાવેશ આર. પંડ્યા એજન્સી મારફતે કરાવવામાં આવી હતી, જેમાં પણ અંદાજિત કિંમત કરતાં વધુ નાણાં ચૂકવવામાં આવ્યા હોવાનું સામે આવ્યું છે.

સામાન્ય રીતે પ્રજાના ટેક્સના નાણાંનો વહીવટી તંત્ર દ્વારા કરકસરપૂર્વક અને પારદર્શક રીતે ઉપયોગ થવો જરૂરી હોય છે. પરંતુ ઈમરજન્સી કલમનો આશરો લઈને પૂર્વ મંજૂરી વગર કામો આપી દીધા બાદ એજન્સીઓને ૧૦ થી ૩૦ ટકા જેટલા વધુ ભાવ ચૂકવી પાછળથી સ્થાયી સમિતિમાં બહાલી મેળવવાની નીતિ સામે હવે અનેક સવાલો ઊભા થઈ રહ્યા છે. તંત્રના આ વલણ સામે ભારે અસંતોષ જોવા મળી રહ્યો છે, ત્યારે આગામી સ્થાયી સમિતિની બેઠકમાં આ વિવાદિત દરખાસ્તો પર શું નિર્ણય લેવાય છે તેના પર સૌની નજર મંડાયેલી છે.

### શ્વાન 'જીકો'એ શંકાસ્પદ સામાન શોધી કાઢ્યો, આરપીએફે કાર્યવાહી હાથ ધરી

# ડેરોલ સ્ટેશન પર ડોગ સ્ક્વોડની સતર્કતાથી અકસ્માત ટળ્યો, મુસાફર પાસેથી LPG સિલિન્ડર ઝડપાયું

**રેલવે** સુરક્ષાનું અભિયાન, મધ્યપ્રદેશના 63 વર્ષીય યાત્રી સામે કાયદેસરની કાર્યવાહી :






(પ્રતિનિધિ) વડોદરા,તા.5

રેલવે સુરક્ષા દળ દ્વારા જ્વલનશીલ અને પ્રતિબંધિત સામગ્રીના પરિવહનને રોકવા ચલાવવામાં આવી રહેલા વિશેષ અભિયાન અંતર્ગત ડેરોલ રેલવે સ્ટેશન પર ડોગ સ્ક્વોડની સતર્કતાથી એક મોટો અકસ્માત ટળ્યો હતો.

પશ્ચિમ રેલવેના વડોદરા મંડળના જનસંપર્ક અધિકારી અનુભવ સક્સેનાની યાદી અનુસાર, એએસઆઈ નવીન સિંહ પોતાના સ્ટાફ અને ડોગ સ્ક્વોડના શ્વાન જીકો સાથે પ્લેટફોર્મ પર તપાસ કરી રહ્યા હતા. તે દરમિયાન જીકો એ એક મુસાફરના સામાન અંગે શંકા વ્યક્ત કરી. તપાસ કરતા સામાનમાંથી 5 કિલોગ્રામ ક્ષમતાનો એલપીજી સિલિન્ડર મળી આવ્યો હતો. પૂછપરછમાં આરોપીનું નામ હરિ મદનલાલ ધાકડ, ઉંમર 63, રહે. શિવપુરી, મધ્યપ્રદેશ હોવાનું ખુલ્યું હતું. તેઓ પુત્ર રાજા ધાકડ સાથે સામાન્ય ટિકિટ લઈને ડેરોલથી ઉજ્જૈન જવા નીકળ્યા હતા. સિલિન્ડર લઈ જવાની વાત તેમણે સ્વીકારી હતી. આ મામલો વધુ તપાસ માટે આરપીએફ પોસ્ટ ગોધરાને સોંપવામાં આવ્યો હતો. એએસઆઈ મહેન્દ્ર પાલ સિંહ દ્વારા કેસ નોંધીને નિયમ મુજબની કાર્યવાહી કર્યા બાદ આરોપીને જામીન પર મુક્ત કરવામાં આવ્યો હતો. રેલવે તંત્રએ મુસાફરોને અપીલ કરી છે કે ટ્રેન અને સ્ટેશન પરિસરમાં એલપીજી સિલિન્ડર સહિત કોઈપણ જ્વલનશીલ વસ્તુનું પરિવહન ન કરવું. આવા કૃત્યો માત્ર નિયમોનું ઉલ્લંઘન નથી પરંતુ સેંકડો મુસાફરોની સલામતી માટે પણ ગંભીર ખતરો છે. રેલવે સુરક્ષા દળ દ્વારા ભવિષ્યમાં પણ આ પ્રકારના ચેકિંગ અભિયાનો સતત ચાલુ રાખવામાં આવશે.

# રેન્ટ પર આપેલી થારનું એન્જિન બદલી ઠગાઈ, ૩ આરોપી ઝડપાયા

**આજવા** રોડ પર રહેતા યુવકની કાર ભાડે ફેરવવા માટે લઈ ગયા હતા

(પ્રતિનિધિ) વડોદરા, તા. 5

વડોદરા શહેરમાં ભાડે આપવામાં આવેલી મહિન્દ્રા થારનું મૂળ એન્જિન કાઢી અન્ય વાહનમાં ફિટ કરી છેતરપિંડી આચરવાના કૌભાંડનો એલસીબી ઝોન-03ની ટીમે પર્દાફાશ કર્યો છે. પોલીસે રૂ. 5 લાખની કિંમતની મહિન્દ્રા થાર સાથે ત્રણ આરોપીઓને ઝડપી પાડી વધુ કાર્યવાહી માટે પાણીગેટ પોલીસને સોંપ્યા છે.

પોલીસના જણાવ્યા મુજબ આજવા રોડ પર રહેતા આકાશભાઈ ભગતે પોતાની થાર મિત્ર મારફતે ભાડે આપી હતી. થોડા દિવસ બાદ ગાડીના એન્જિનમાંથી અવાજ આવતાં ગેરેજમાં તપાસ કરાવવામાં આવી હતી. સમસ્યા દૂર ન થતાં એન્જિન ખોલીને તપાસ કરતાં ગાડીમાં રહેલું એન્જિન આર.સી. બુકમાં નોંધાયેલા




નંબર મુજબનું ન હોવાનું સામે આવ્યું હતું.

જીપીએસ લોકેશન ચકાસતાં ગાડી કપુરાઈ ચોકડી નજીક આવેલા ગેરેજમાં ગઈ હોવાનું જાણવા મળ્યું હતું. ગેરેજ સંચાલકની પૂછપરછ દરમિયાન આરોપીઓએ મૂળ એન્જિન કાઢીને બીજી થારમાં ફિટ કરી તેમાં જૂનું એન્જિન લગાવ્યાનો ખુલાસો થયો હતો. બાતમીના આધારે એલસીબી ઝોન-03ની ટીમે શંકાસ્પદ થાર રોકી તપાસ કરતાં એન્જિન અન્ય વાહનનું હોવાનું બહાર આવ્યું હતું. પોલીસે સન્ની રાજેશકુમાર સીંગ, ઓમ રાજકુમાર સીંગ અને ક્રિષ્ણાકાંત અરુણકુમાર પાંડેની ધરપકડ કરી થાર કબજે લઈ વધુ તપાસ શરૂ કરી છે.

## ફતેપુરા વિસ્તારની મહિલાના ગળામાંથી મંગળસૂત્રની ચીલઝડપ

(પ્રતિનિધિ) વડોદરા તા 5

વડોદરામાં ભગવાન જગન્નાથજીની રથયાત્રા દરમિયાન ભીડનો લાભ લઈ મહિલાના ગળામાંથી રૂ.64 હજારની કિંમતનું સોનાનું મંગળસૂત્રની ગઠીયા દ્વારા ચીલઝડપ કરવામા આવી હતી. મહિલાએ રાવપુરા પોલીસ સ્ટેશનમાં નોંધાવતા પોલીસે ગુનો નોંધી આરોપીની શોધખોળ શરૂ કરી છે.

ફતેપુરા મંગલેશ્વર ઝાપડામાં રહેતા શીતલબેન રૂપેશભાઈ સોલંકીએ નોંધાવેલી ફરિયાદ મુજબ 16 જુલાઈ, 2026ના રોજ સાંજે આશરે 5:30 વાગ્યે ગાંધીનગર ગૃહ પાસે ભગવાન જગન્નાથજીની રથયાત્રા દરમિયાન તેઓ પ્રસાદ લેવા પાછળના ભાગે ઉભેલા પ્રસાદીના વાહન પાસે ગયા હતા. તે સમયે ભારે ભીડનો લાભ લઈ કોઈ અજાણ્યા શખ્સે તેમના ગળામાં પહેરેલું રૂ.64 હજારની કિંમતનું સોનાનું મંગળસૂત્ર ઝૂંટવી ફરાર થઈ ગયો હતો. પોલીસ દ્વારા સીસીટીવી ફૂટેજ ના આધારે શોધખોળ હાથ ધરી છે.

### કિલોમીટર દીઠ રૂ.20 ભાડું અને ગેરકાયદે રાઈડ સેવા બંધ કરવાની માંગ

# રિક્ષા ચાલકોનો ઉગ્ર વિરોધ : CNG મોંઘવારી અને બાઈક ટેક્સી સામે આક્રોશ

**રેપિડો,** ઓલા-ઉબરની મનમાનીનો વિરોધ; માંગ નહીં સંતોષાય તો ઉગ્ર આંદોલનની ચીમકી

(પ્રતિનિધિ) વડોદરા,તા.5

વડોદરા શહેરના નવલખી મેદાન ખાતે ફરી એક વખત તંત્ર સુધી અવાજ પહોંચાડવા ઓટો રિક્ષા ચાલકોના વિવિધ યુનિયન દ્વારા વિરોધ પ્રદર્શન કરવામાં આવ્યું હતું. વધતા સીએનજીના દર અને ઓનલાઈન રાઈડ કંપનીઓની મનમાની સામે ચાલકોએ એકજૂટ થઈને પોતાનો વિરોધ નોંધાવ્યો હતો.

પ્રદર્શન દરમિયાન મોટી સંખ્યામાં રિક્ષાઓ લઈને આવેલા ચાલકોએ હાથમાં બેનરો સાથે સૂત્રોચ્ચાર કર્યા હતા. અમારો હક આપોના નારા સાથે સમગ્ર વિસ્તાર ગુંજી



ઉઠ્યો હતો. ચાલકોનું કહેવું છે કે, સીએનજીનો ભાવ હાલ 95 પ્રતિ કિલોને પાર પહોંચ્યો છે. પરંતુ કંપનીઓ દ્વારા આપવામાં આવતું ભાડું પ્રતિ કિલોમીટર માત્ર 15 જ છે. તેથી નિયમ મુજબ પ્રતિ કિ.મી 20 ભાડું નક્કી કરવામાં આવે. રેપિડો, ઓલા, ઉબર જેવી કંપનીઓ ખાનગી નંબરની બાઈકોને ટેક્સી તરીકે ચલાવી રહી છે. જેના કારણે કાયદેસર રિક્ષા ચલાવતા લોકોની કમાણી ઘટી ગઈ છે અને રોજીરોટી જોખમમાં મુકાઈ છે. ચાલકોએ જણાવ્યું કે મોંઘવારીના આ સમયમાં 15 પ્રતિ કિ.મીના ભાડાથી ઘરનું ગુજરાન ચલાવવું અશક્ય બન્યું છે. જો તંત્ર દ્વારા તાત્કાલિક નિર્ણય નહીં લેવાય તો આગામી દિવસોમાં આંદોલન વધુ ઉગ્ર બનાવવાની ચેતવણી પણ આપી હતી. નવલખી ગ્રાઉન્ડ ખાતે કલાકો સુધી ચાલેલા આ શાંતિપૂર્ણ પ્રદર્શન દ્વારા ચાલકોએ પોતાની સમસ્યા સરકાર સુધી પહોંચાડવાનો પ્રયાસ કર્યો હતો.

# તસ્કરોનો તરખાટ યથાવત, વધુ બે ઘરમાંથી રૂ.૬.૫૬ લાખની ચોરી

**કુંભારવાડા** અને ગોત્રી વિસ્તારમાં બે અલગ-અલગ મકાનમાંથી સોના-ચાંદીના દાગીના, રોકડ અને કિંમતી ઘડિયાળોની ચોરી

(પ્રતિનિધિ) વડોદરા, તા. 5

વડોદરા શહેરમાં અલગ અલગ વિસ્તારોમાં આવેલા બંધ મકાનોને નિશાન બનાવી ચોરી થતા બનાવોમાં વધારો થઈ રહ્યો છે. ત્યારે વધુ કુંભારવાડા અને ગોત્રી પોલીસ મથક વિસ્તારમાં બનેલી બે બે મકાનને ટાર્ગેટ કરી સોના-ચાંદીના દાગીના, રોકડ અને અન્ય કિંમતી વસ્તુઓ સહિત રૂ.6.56 લાખના મુદ્દામાલની ચોરી કરી ફરાર થઈ ગયા હતા. પોલીસે સીસીટીવી ફૂટેજ અને અન્ય ટેક્નિકલ પુરાવાના આધારે આરોપીઓને શોધવા તપાસ શરૂ કરી છે.

કુંભારવાડા વિસ્તારમાં ગોકુળનગર સોસાયટીમાં રહેતા હેમેન્દ્ર પુરુષોત્તમ અગ્રવાલના બંધ મકાનમાંથી ચોરોએ લોખંડની જાળી અને મુખ્ય દરવાજાનો નકુચો તોડી પ્રવેશ કરી દિવાલના કબાટનું ઈન્ટરલોક તોડી લોકરમાંથી સોનાના દાગીના અને રોકડ સહિત રૂ.5.24 લાખનો મુદ્દામાલ ચોરી કર્યો હતો. ચોરીને અંજામ આપ્યા બાદ ચોરો ફરાર થઈ ગયા હતા જેથી પોલીસે સીસીટીવી ફૂટેજ ના આધારે તેમનું પગેરું મેળવવા તજવીજ હાથ ધરી છે.

જ્યારે ગોત્રીના ઉમંગ સોસાયટી વિસ્તારમાં હરદયાલસિંઘ મદનલાલ મીણાના બંધ મકાનમાં મુખ્ય દરવાજો તોડી તસ્કરો અંદર પ્રવેશ્યા હતા ત્યારબાદ તિજોરીના લોકર તોડી સોના-ચાંદીના દાગીના તથા ત્રણ કિંમતી ઘડિયાળ સહિત રૂ.1.32 લાખનો મુદ્દામાલ ચોરી કરી ફરાર થઈ ગયા હતા. પોલીસ દ્વારા ચોરીનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરવામાં આવી રહી છે.

### પતિ-પત્ની મંદસૌરથી અમદાવાદ ડિલિવરી આપવા જતાં ગોલ્ડન ચોકડી પાસે ઝડપાયા

# રૂ.૫૭ લાખના એમડી ડ્રગ્સ સાથે દંપતી ઝડપાયા, પત્નીએ શરીરે સંતાડ્યો હતો જથ્થો

**રૂ.41.90** લાખનો મેફેડ્રોન, કાર સહિત મુદ્દામાલ જપ્ત; સપ્લાયર અને ખરીદદારની શોધ શરૂ

(પ્રતિનિધિ) વડોદરા, તા. 5

વડોદરામાં ડ્રગ્સના કાળા કારોબાર સામે એલસીબી ઝોન-4ની ટીમને મોટી સફળતા મળી છે. મધ્યપ્રદેશના મંદસૌરથી અમદાવાદ મેફેડ્રોન (એમડી) ડ્રગ્સની ડિલિવરી આપવા નીકળેલા પતિ-પત્નીને પોલીસે ગોલ્ડન ચોકડી નજીક ઝડપી પાડ્યા હતા. મહિલા આરોપીએ પોલીસની નજરથી બચવા માટે 1.39 કિલો મેફેડ્રોન પોતાના શરીરના છાતીના ભાગે સંતાડી રાખ્યો હોવાનું તપાસમાં બહાર આવ્યું છે.

બાતમીના આધારે એલસીબી ઝોન-4ની ટીમે ગોલ્ડન ચોકડીથી લેક્સોન તરફ એરફોર્સ ગેટ નજીક વોચ ગોઠવી



હતી. દરમિયાન મધ્યપ્રદેશ પાસિંગની મહિન્દ્રા સ્કોર્પિયો કારને રોકી તપાસ કરતાં તેમાં સવાર અય્યુબખાન મોહમ્મદજમાનખાન અને તેની પત્ની નાઝમીન પાસેથી 1 કિલો 396 ગ્રામ 710 મિલિગ્રામ મેફેડ્રોન મળી આવ્યું હતું.

મહિલા પોલીસ અધિકારીઓની હાજરીમાં લેવાયેલી અંગઝડતી દરમિયાન મહિલાએ પોતાના શરીરે ચાલાકીપૂર્વક સંતાડેલો ડ્રગ્સનો જથ્થો મળી આવ્યો હતો. પૂછપરછમાં આરોપીઓએ મંદસૌરના જાફર નામના શખ્સ પાસેથી રૂ.7 લાખમાં ડ્રગ્સ ખરીદી અમદાવાદના રવિ નામના વ્યક્તિને પહોંચાડવાનું હોવાનું કબૂલ્યું હતું.

પોલીસે આરોપીઓ પાસેથી રૂ.41.90 લાખનો મેફેડ્રોન, રૂ.15 લાખની સ્કોર્પિયો કાર, મોબાઈલ ફોન, રોકડ અને પેકિંગ સામગ્રી સહિત કુલ રૂ.57.19 લાખનો મુદ્દામાલ જપ્ત કર્યો છે. બંને સામે એનડીપીએસ એક્ટ હેઠળ ગુનો નોંધી ફરાર સપ્લાયર જાફર અને ખરીદદાર રવિની શોધખોળ શરૂ કરવામાં આવી છે.

## પાલિકાના દાવા સામે ડ્રેનેજની સફાઈ અંગેની વાસ્તવિકતા અલગ

(પ્રતિનિધિ) વડોદરા તા.5

વડોદરા મહાનગરપાલિકાએ દક્ષિણ ઝોનના વોર્ડ નં. 17માં ડ્રેનેજની ફરિયાદોનો ત્વરિત નિકાલ થતો હોવાનો દાવો કરતી પ્રેસનોટ જાહેર કરી છે. તેમાં જેટિંગ અને સુપર સકર મશીનથી સમયસર સફાઈ કરવામાં આવતી હોવાનું જણાવાયું છે. જોકે સ્થાનિકોના જણાવ્યા મુજબ સામાન્ય વરસાદમાં પણ ડ્રેનેજ ઉભરાઈ ગંદુ પાણી રસ્તાઓ પર ફરી વળે છે. જો આધુનિક મશીનો અસરકારક રીતે કાર્યરત હોય તો આવી સમસ્યાઓ વારંવાર કેમ સર્જાય છે તેવો સવાલ ઉઠી રહ્યો છે. નાગરિકોનો આક્ષેપ છે કે ફરિયાદોનો નિકાલ કરવામાં વિલંબ થાય છે અને મીડિયામાં મુદ્દો ઉઠે ત્યાર બાદ જ તંત્ર સક્રિય બને છે. લોકોનું કહેવું છે કે માત્ર પ્રેસનોટ બહાર પાડવાને બદલે ગ્રાઉન્ડ લેવલે કામગીરી દેખાવવી જરૂરી છે. અન્યથા 'સ્વચ્છ વડોદરા, સુઘડ વડોદરા'ના દાવા માત્ર કાગળ પૂરતા જ સીમિત રહી જશે.

### પાણી, ગટર, આંગણવાડી, આરોગ્ય કેન્દ્ર અને શમશાનગૃહના વિકાસને પ્રાથમિકતા

# વડોદરા તાલુકાના વિકાસને ગતિ, તાલુકા પંચાયતે રૂ.૪ કરોડથી વધુના કામોને મંજૂરી

**95 ગામોમાં** 24 કલાક દેખરેખ, અધિકારીઓ નાઈટ ડ્યુટીમાં; સ્થિતિ સંપૂર્ણ નિયંત્રણમાં



(પ્રતિનિધિ) વડોદરા તા.5

વડોદરા તાલુકાના સર્વાંગી વિકાસને વેગ આપવાના ઉદ્દેશ સાથે વડોદરા તાલુકા પંચાયત ખાતે એક મહત્વપૂર્ણ સામાન્ય સભાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ બેઠકમાં તાલુકાના વિવિધ વિસ્તારોમાં પાયાની સુવિધાઓ સુનિશ્ચિત કરવા માટે રૂપિયા ૪ કરોડથી પણ વધુ રકમના વિવિધ વિકાસ કામોને આખરી બહાલી આપવામાં આવી હતી. કારોબારી સમિતિ દ્વારા પૂર્વ મંજૂર કરાયેલા કામો તેમજ તાલુકા પંચાયતના તમામ સભ્યો દ્વારા રજૂ કરવામાં આવેલી સ્થાનિક રજૂઆતો અને પ્રજાકીય માંગણીઓને ગંભીરતાથી ધ્યાને રાખીને આ તમામ મહત્વના નિર્ણયો લેવામાં આવ્યા હતા.

ચર્ચા-વિચારણા દરમિયાન ખાસ કરીને ગ્રામીણ વિસ્તારોમાં દૈનિક જીવન સાથે જોડાયેલા અને પાયાના અગત્યના કામોને પ્રાથમિકતા આપવામાં આવી છે. જેમાં પીવાના ચોખ્ખા પાણીની વ્યવસ્થા, સુમેળભરી ગટર વ્યવસ્થા, ગામડાઓમાં આંગણવાડીઓનું નવીનીકરણ, પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોની સુવિધાઓમાં સુધારો અને શમશાનગૃહના વિકાસ જેવા જનહિતના કામોનો સમાવેશ થાય છે. આ વિકાસ કામો મંજૂર થવાથી તાલુકાના ગ્રા મીણ વિસ્તારોના નાગરિકોની સુવિધાઓમાં નોંધપાત્ર વધારો થશે અને વર્ષો જૂની સમસ્યાઓનો ઉકેલ આવશે.

સામાન્ય સભા દરમિયાન સરકારી વાહનોના ઉપયોગ અંગે ઊભી થયેલી સ્પષ્ટતા બાબતે પ્રમુખશ્રીએ સભાને સંબોધતા જણાવ્યું હતું કે, નિયમાનુસાર સરકારી વાહન માત્ર અધિકૃત અધિકારીઓ માટે જ ફાળવવામાં આવ્યું છે. આ વાહનોનો ઉપયોગ માત્ર અને માત્ર સરકારી કાર્યક્રમો, સત્તાવાર બેઠકો અને ગામોની પ્રત્યક્ષ મુલાકાત અર્થે જ કરવામાં આવશે, જેની દરેક સ્તરે ગંભીરતા દાખવવામાં આવશે.

આ ઉપરાંત તાલુકામાં હાલની સ્થિતિ અંગે માહિતી આપતા તેમણે ઉમેર્યું હતું કે, તાલુકાની ૭૭ ગ્રામ પંચાયતો હેઠળ આવતા ૯૫ ગામો પર તાલુકા તંત્ર દ્વારા ૨૪ કલાક સતત દેખરેખ રાખવામાં આવી રહી છે. નાગરિકોની સુરક્ષા અને સુવિધા માટે અધિકારીઓને નાઈટ ડ્યુટીમાં પણ તૈનાત કરવામાં આવ્યા છે. તાલુકામાં અમુક નીચાણવાળા વિસ્તારોમાં સામાન્ય પાણી ભરાવા સિવાય સમગ્ર સ્થિતિ સંપૂર્ણપણે નિયંત્રણ હેઠળ છે.

## વાહનચોરીનો ભેદ ઉકેલાયો, દાહોદથી રીઢો ચોર ઝડપાયો

(પ્રતિનિધિ) વડોદરા તા.5

વડોદરા ક્રાઈમ બ્રાન્ચે સયાજીગંજ વિસ્તારમાં રેલવે સ્ટેશન સામે પાર્ક કરાયેલી હીરો સ્પ્લેન્ડર મોટરસાયકલની ચોરીનો ભેદ ઉકેલી દાહોદ જિલ્લાના એક રીઢા વાહનચોરને ચોરીના વાહન સાથે ઝડપી પાડ્યો છે. તપાસ દરમિયાન સીસીટીવી ફૂટેજ, ટેકનિકલ એનાલિસિસ અને હ્યુમન સોર્સની મદદથી દાહોદના આરોડા ગામના જગદીશભાઈ ભોદુભાઈ પરમારની સંડોવણી સામે આવી હતી. ક્રાઈમ બ્રાન્ચે આરોડા ગામે વોચ ગોઠવી આરોપીની ધરપકડ કરી ચોરી કરાયેલ બાઈક કબજે કરી હતી. આરોપી અગાઉ રાજકોટમાં વાહનચોરીના બે ગુના તેમજ દાહોદના રણધીકપુર પોલીસ સ્ટેશનમાં પ્રોહિબિશનના ગુનામાં પણ ઝડપાઈ ચૂક્યો હોવાનું તપાસમાં બહાર આવ્યું છે. વધુ તપાસ માટે આરોપી અને મુદ્દામાલ સયાજીગંજ પોલીસને સોંપવામાં આવ્યા છે.

## પાલિકાએ પાણીનું લીકેજ દૂર કરી, રસ્તાના ખાડા પણ પૂર્યા

(પ્રતિનિધિ) વડોદરા તા.5

વડોદરા મહાનગરપાલિકાએ ચોમાસામાં નાગરિકોને પડતી મુશ્કેલીઓ દૂર કરવા વિવિધ વિસ્તારોમાં કામગીરી તેજ કરી છે. પશ્ચિમ ઝોનના વોર્ડ નં. 11માં વાસણા રોડ પર ડી માર્ટ સામે 250 મીમી વ્યાસની પીવાના પાણીની લાઈનમાં લીકેજની ફરિયાદ મળતા ટેકનિકલ ટીમ તાત્કાલિક સ્થળે પહોંચી હતી. તપાસ બાદ લીકેજ દૂર કરી પાણીનો બગાડ અટકાવવામાં આવ્યો અને નિયમિત પાણી પુરવઠો જાળવી રાખવામાં આવ્યો.

આ ઉપરાંત વોર્ડ નં. 10માં તંદલજા ગામ તેમજ સારેસ્વાર હનુમાન મંદિરથી સન ક્રેસ્ટ ફ્લેટ સુધીના માર્ગ પર વરસાદના કારણે પડેલા ખાડાઓ કોલ્ડમિક્સથી તાત્કાલિક પૂરવામાં આવ્યા હતા. પાલિકાના જણાવ્યા મુજબ ચોમાસા દરમિયાન માર્ગ મરામત, ડ્રેનેજ સફાઈ અને પાણીની લાઈન સંબંધિત ફરિયાદોનો ઝડપી નિકાલ કરવા વિશેષ અભિયાન ચાલુ રાખવામાં આવશે.

### હિન્દુ સંગઠનો કલેક્ટર કચેરીએ વાછરડા સાથે પહોંચ્યા

# વડોદરામાં ગૌહત્યા સામે આક્રોશ, ગૌમાતાને 'રાષ્ટ્રમાતા' જાહેર કરવા કલેક્ટરને આવેદન

**ગૌહત્યાના** વધી રહેલા બનાવો સામે ધર્મગુરુઓ અને ગૌરક્ષકોની વિશાળ રેલી

(પ્રતિનિધિ) વડોદરા. તા.૫

શહેરમાં ગૌહત્યાના વધી રહેલા બનાવો સામે હિન્દુ સંગઠનો અને ધર્મગુરુઓમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. આક્રોશ વ્યક્ત કરવા માટે આજે હિન્દુ સંગઠનો, ગૌરક્ષકો અને યુવાનો દ્વારા શહેરના માર્ગો પર એક વિશાળ રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ રેલી દરમિયાન એક અનોખું દ્રશ્ય જોવા મળ્યું હતું. જ્યાં પ્રદર્શનકારીઓ વિરોધ દર્શાવવા માટે પોતાની સાથે એક જીવંત વાછરડાને પણ કલેક્ટર કચેરી પરિસરમાં લઈને પહોંચ્યા હતા. ગૌમાતાને આપણી સંસ્કૃતિ, પરંપરા અને આસ્થાનું પ્રતીક ગણાવીને તેમને તાત્કાલિક ધોરણે સત્તાવાર રીતે




'રાષ્ટ્રમાતા' જાહેર કરવાની પ્રબળ માંગણી કરવામાં આવી હતી.

આંદોલનકારીઓએ દેશભરમાં ગૌહત્યાની ઘટનાઓને સંપૂર્ણપણે અટકાવવા માટે અત્યંત કડક અને સખત રાષ્ટ્રીય કાયદો બનાવવાની માંગ કરી છે. ધર્મગુરુઓ અને અગ્રણીઓની આગેવાની હેઠળ જિલ્લા કલેક્ટરને આવેદનપત્ર પાઠવીને આ મામલે સરકાર સુધી પોતાની માંગણીઓ પહોંચાડવા માટે રજૂઆત કરવામાં આવી હતી.

આ સાથે જ સરકારને સ્પષ્ટ શબ્દોમાં ચેતવણી આપવામાં આવી છે કે જો વહેલી તકે આ મામલે કોઈ સકારાત્મક પગલાં નહીં ભરાય, તો આગામી દિવસોમાં દેશની રાજધાની દિલ્હી ખાતે અનિશ્ચિત મુદતની ભૂખ હડતાળ શરૂ કરવામાં આવશે. સાથોસાથ, જો માંગણીઓ નહીં સ્વીકારાય તો દેશવ્યાપી ઉગ્ર આંદોલનની ચીમકી પણ ઉચ્ચારવામાં આવી છે.

## પાણીના છાંટા મુદ્દે ઝઘડો, ચાર સામે ગુનો દાખલ કરાયો

(પ્રતિનિધિ) વડોદરા તા.5

તરસાલી બાયપાસના વડદલા રોડ પર પાણીના છાંટા ઉડાડવાની સામાન્ય બાબતે થયેલી બોલાચાલી મારામારીમાં પરિણમી હતી. ઘટનામાં ચાર શખ્સોએ મળીને એક વ્યક્તિ પર હુમલો કરી ગંભીર ઈજાઓ પહોંચાડ્યાનો આરોપ છે.

પોલીસ ફરિયાદ મુજબ 4 ઓગસ્ટે સાંજે તીર્થ એક્ઝોટિકા સોસાયટી પાસે દીપક ગોહીલ, પ્રહલાદ ગોહીલ, અલ્પેશ ગોહીલ અને રવિ ગોહીલે વિજયભાઈ પરમાર સાથે ઝઘડો કર્યો હતો. ત્યારબાદ ગાળાગાળી કરી હાથમાં પહેરેલા કડા, પથ્થર અને હેલ્મેટ વડે હુમલો કરતાં ફરિયાદીને માથા, નાક, હોઠ અને ગાલના ભાગે ઈજાઓ પહોંચી હતી. આરોપીઓએ જાનથી મારી નાખવાની ધમકી આપી ફરિયાદીની બોલેરો પિકઅપને પણ નુકસાન પહોંચાડ્યાનો આક્ષેપ છે. કપુરાઈ પોલીસે ચારેય આરોપીઓ સામે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

### વડસર રોડ પર મગરનું બચ્ચું ઝડપાયું

# પૂરનું પાણી ઉતરતાં વડોદરામાં મગરોની દસ્તક, બે સ્થળેથી સફળ રેસ્ક્યુ

**જાંબુઆ** બ્રિજ પર મહાકાય મગર દેખાતાં વાહનવ્યવહાર થોડીવાર અટકાવાયો




(પ્રતિનિધિ) વડોદરા, તા. 5

ઢાઢર અને વિશ્વામિત્રી નદીમાં પૂરના પાણી ધીમે-ધીમે ઉતરતાં જળચર પ્રાણીઓ રહેણાંક વિસ્તારો અને જાહેર માર્ગો પર જોવા મળવાના બનાવોમાં વધારો થયો છે. બુધવારે વડોદરાના બે અલગ-અલગ વિસ્તારોમાં મગર દેખાતા સ્થાનિકોમાં ભય અને કુતૂહલનો માહોલ સર્જાયો હતો. જોકે બંને સ્થળે સમયસર રેસ્ક્યુ થતાં કોઈ જાનહાનિ થઈ નહોતી.

જાંબુઆ બ્રિજ પર એક મહાકાય મગર રસ્તા પર આવી જતાં વાહનચાલકો અચંબામાં મુકાઈ ગયા હતા. મગર બ્રિજ પરથી નીચે ઉતરવાનો પ્રયાસ કરી રહ્યો હતો ત્યારે એક જાગૃત નાગરિકે વાહનવ્યવહાર થોડા સમય માટે રોકી મગરને સુરક્ષિત રીતે રસ્તો આપ્યો હતો. જાણ થતાં વન વિભાગની ટીમ તાત્કાલિક સ્થળે પહોંચી હતી અને મગરનું સફળ રેસ્ક્યુ કરીને તેને તેના કુદરતી રહેણાંક વિસ્તારમાં છોડવામાં આવ્યો હતો.

બીજી તરફ વડસર ગામ તરફ જતાં કાંસા રેસીડેન્સી નજીક મોડી રાત્રે આશરે 4થી 5 ફૂટ લાંબું મગરનું બચ્ચું જોવા મળતાં સ્થાનિકોમાં દોડધામ મચી ગઈ હતી. જાણ થતાં શ્રી સાંઈ દ્વારકા માઈ ચેરિટેબલ ટ્રસ્ટની ટીમે સ્થળ પર પહોંચી સલામત રીતે મગરના બચ્ચાનું રેસ્ક્યુ કર્યું હતું. ત્યારબાદ તેને વન વિભાગને સોંપવામાં આવ્યું હતું.